# કંપની સેક્રેટરી

કંપની સેક્રેટરી એ કંપનીના ઈન-હાઉસ કાનૂની નિષ્ણાત અને અનુપાલન અધિકારી છે. તે/તેણી કોર્પોરેટ/સંસ્થાઓ અને સિક્યોરિટીઝ/ઋણપત્રને લગતા કાયદાઓ, મૂડી બજાર અને કોર્પોરેટ ગવર્નન્સ/સંસ્થાકિય સંચાલનના નિષ્ણાત છે. તેઓ કંપનીના ડિરેક્ટરોને તેમની સંસ્થાનું નિર્દેશન, સંચાલન અથવા નિયંત્રણ કેવી રીતે કરવું જોઈએ તે વિશે માર્ગદર્શન પૂરું પાડે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે ખર્ચ અને આવકનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમને આંકડાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સમસ્યાઓને હલ કરવી ગમે છે



ઈન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઈન્ડિયાના ફાઉન્ડેશન, એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ માટેની ફી લગભગ ૩૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. CS ફાઉન્ડેશનનો અભ્યાસક્રમ પૂર્ણ કરો, ત્યારબાદ એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો.
**અથવા**

વાણિજ્ય અથવા કાયદામાં સ્નાતકની પદવી સાથે અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં CS ફાઉન્ડેશનનો અભ્યાસક્રમ કરો. CS એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો સાથે આને અનુસરો. **અથવા**

સ્નાતકની સાથે સી.એસ. ફાઉન્ડેશનનો અભ્યાસ ક્રમ પૂર્ણ, CS એક્ઝિક્યુટિવ અભ્યાસ ક્રમ સાથે તેને અનુસરો. પછી વાણિજ્ય/લૉ/બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા કોઈપણ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો અને પછી સીએસ પ્રોફેશનલ અભ્યાસક્રમ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કંપની સેક્રેટરીનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૩૪,૦૦૦ થી ૧,૦૫,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?job=company+secretary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કોર્પોરેટ ગવર્નન્સ અને સચિવ સેવાઓ, કોર્પોરેટ કાયદા સલાહકાર અને પ્રતિનિધિત્વ સેવાઓ, નાણાકીય બજાર સેવાઓ, વ્યવસ્થાપન સેવાઓ, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ એક ડેસ્ક જોબ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. આ સંસ્થાથી સંસ્થામાં બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મેનેજમેન્ટ ટ્રેઈની → સિનિયર મેનેજર અથવા આસિસ્ટન્ટ જનરલ મેનેજર અથવા તાલીમાર્થી કંપની સેક્રેટરી → કંપની સેક્રેટરી → વરિષ્ઠ કંપની સેક્રેટરી અથવા રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ મેનેજર અથવા નાણા અથવા કાનૂની સલાહકાર → અનુપાલન તજજ્ઞ અથવા મુખ્ય કાનૂની સલાહકાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કંપની સેક્રેટરી, બિઝનેસ એડવાઈઝર, ઑડિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, બેંગ્લોર
૨. નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી
૩. ઈન્ડિયન લો સોસાયટીની લો કોલેજ, પુણે
૪. નેશનલ લો યુનિવર્સિટી, હૈદરાબાદ
૫. પશ્ચિમ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુરીડિકલ સાયન્સ, કોલકાતા
૬. જામિયામિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૭. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર
૮. નેશનલ લો યુનિવર્સિટી, જોધપુર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સિમ્બાયોસિસ લો સ્કૂલ, પુણે
૨. આર્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ લો, મોહાલી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ લૉ, ભુવનેશ્વર
૫. એમિટી લો સ્કૂલ, દિલ્હી
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. સ્કૂલ ઑફ લૉ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ અને યુનિવર્સિટી સ્ટડીઝ, દેહરાદૂન
૮. આઈ.સી.એફ.એ.આઈ. લો સ્કૂલ, હૈદરાબાદ

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અવની મિશ્રા** એ ૨૦૧૫માં કંપની સેક્રેટરીની પરીક્ષામાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તે ભારતની સૌથી યુવા સી.એસ. બની હતી. નેશનલ લો ઈન્સ્ટિટ્યુટ યુનિવર્સિટીના સ્નાતક, મિશ્રા કાનૂની સંશોધન અને કન્સલ્ટન્સીના ક્ષેત્રમાં કામગીરી બજાવે છે.*

સ્રોત: https://www.hindustantimes.com/education/meet-avani-mishra-all-india-topper-of-company-secretary-exam/story-GUgcPP00K87BIS6PpZ4iVN.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.